# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-12-2024** **Morning : 7.10 to 7.20**
**Day: WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1) રાજ્યભરમાં  સુશાસન દિવસની ઉજવણી નિમિત્તે ગાંધીનગરમાં મુખ્યમંત્રી વન વિભાગના ઉમેદવારોને નિમણૂંક પત્રો એનાયત કરશે

2) રાજ્યમાં 16 હજારથી વધુ ગામના 18 લાખ 95 હજારથી વધુ ખેડૂતોને હવે દિવસ દરમિયાન વીજળી મળી રહે તેવી સરકારે વ્યવસ્થા કરી

3) ધોરણ અગિયાર અને  બાર વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ હવે ગૃપ બદલીને પરીક્ષા આપી શકે તેવી બોર્ડની જાહેરાત

4) વિવિધ મનોરંજક  પ્રવૃત્તિઓ સાથે આજે અમદાવાદમાં કાંકરિયા કાર્નિવલનો આરંભ થશે

5) સ્નેહ, કરૂણા અને  ભાઇચારાના સંદેશને પ્રસરાવતા  નાતાલના પર્વની  આજે ઉજવણી

6) મહિલા ક્રિકેટમાં વડોદરામાં  ભારતે બીજી એક દિવસીય મેચમાં વેસ્ટ ઈન્ડિઝને હરાવીને શ્રેણી વિજય મેળવ્યો

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# SUSHAN DIWAS

ભારતના રત્ન ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીના આજના જન્મ દિવસને દેશભરમાં સુશાસન દિવસ તરીકે મનાવાય છે. આજના આ દિવસ નિમિત્તે રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમોની ઉજવણી કરવામા આવી રહી છે. જે અંતર્ગત ગાંધીનગર મહાત્મામંદિર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્યક્ષાનો કાર્યક્રમ યોજાશે. આ નિમિત્તે મુખ્યમંત્રી વન વિભાગમાં નિમણૂંક પામેલા ઉમેદવારોને નિમણૂંક પત્રો એનાયત કરશે. આ ઉપરાંત મુખ્યમંત્રીનો ઓનલાઇન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ 'સ્વાગત' ટેકનોલોજીના ત્વરીત ઉપયોગથી વધુ સુદ્રઢ અને અસરકારક બનશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ 'સ્વાગત ૨.૦' ઓટો એસ્કેલેશન મેટ્રીકસ અને સ્વાગત મોબાઇલ એપનુ ઇ લોન્ચીંગ કરશે..

રાજ્યક્ષાના આ કાર્યક્રમની સાથેસાથે આજે રાજ્યભરના તમામ જીલ્લાઓમાં વિવિધ કાર્યક્રમો દ્વારા તેની ઉજવણી કરવામાં આવશે..

---

- પીટીસી- ગાંધીનગર – અખબારી યાદી – હર્ષલ પંડ્યા, NAVIN

# SUSHAN DIWAS DISIT.

આજે રાજ્ય સહિત દેશભરમાં અટલ બિહારી વાજપેયીની જન્મજયંતિ નિમિતે સુશાસન દિવસની ઉજવણીની શરૂઆત થઈ ગઈ છે.

ભાવનગરમાં આજે સુશાસન દિવસની ઉજવણી કરવામાં આવશે. જેને લઈ શહેર ભાજપ અધ્યક્ષ અભયસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં એક બેઠક યોજાઈ હતી. અને પ્રશાસન ગાંવ કી ઔર વિષયવસ્તુ હેઠળ સુશાસન સપ્તાહ નિમિત્તે ભાવનગરના ઈનચાર્જ નિવાસી અધિક કલેક્ટર પ્રતિભા દહિયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ શિબિરમાં  સરકારી નીતિઓ. યોજનાઓ અને કાર્યક્રમો વિશે જાગૃતિ વધારવા વિચાર- વિમર્શ કરાયો હતો.

મહિસાગર જિલ્લા કલેક્ટર કેચેરી ખાતે સુશાસન દિવસની ઉજવણી નિમિત્તે વિશેષ કાર્યક્રમ યોજાયો. જેમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત શ્રેષ્ઠ અને ઈમર્જિન્ગ શ્રેણીમાં પસંદ થયેલી કચેરીને સન્માનિત કરવામાં આવી.

આજે સાંજે ભુજ અદાણી ઓડિટોરિયલ જી.કે જનરલ હોસ્પિટલ ખાતે સુશાસન દિવસની ઉજવણી કરવામાં આવશે.

ગાંધીનગરમાં યોજાનારા રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં રાજકોટના કલેક્ટર પ્રભવ જોશી અને જિલ્લા વિકાસ અધિકારી તેમજ અન્ય અધિકારીઓ વર્ચ્યુઅલી જોડાશે.

‘સુશાસન સપ્તાહ’ અંતર્ગત ડાંગ જિલ્લાના મહેસૂલ વિભાગને રાષ્ટ્રીય સ્તરનો ‘ભૂમિ પુરસ્કાર’, જ્યારે કૃષિ ખેતીવાડી વિભાગને ‘સિલ્વર સ્કોચ પુરસ્કાર’ અને ડાંગ પોલીસ પ્રશાસનને  ‘ગોલ્ડ સ્કોચ પુરસ્કાર’ મળ્યો છે.

---

- ભાવનગર-મહિસાગર- ડાંગ- પીટીસી- રાજકોટ-ભૂજ- મા. ખાતુ.- રિધ્ધિ, NAVIN

# RENEWABLE ENERGY GUJARAT

ગુજરાત રાજ્ય પુનઃપ્રાપ્ય ઊર્જાની 30 ગીગાવૉટની ક્ષમતા સાથે સમગ્ર દેશમાં અગ્રેસર હોવાનું ઊર્જામંત્રી કનુ દેસાઈએ જણાવ્યું હતું. ગાંધીનગરમાં પત્રકાર પરિષદને સંબોધતા તેમણે કહ્યું કે, રાજ્યમાં 16 હજારથી વધુ ગામના 18 લાખ 95 હજારથી વધુ ખેડૂતોને દિવસ દરમિયાન વીજળી મળશે. જ્યારે બાકી રહેલા 632 જેટલા ગામના ખેડૂતોને દિવસે સત્વરે વીજળી અપાશે.

(બાઈટ- કનુ દેસાઈ, ઊર્જામંત્રી)

ઉપરાંત ગાંધીનગર, બનાસકાંઠા, અમદાવાદ અને ખેડામાં કુલ 6 નવી પેટા વિભાગીય કચેરીઓ મંજૂર કરવામાં આવી હોવાનું પણ શ્રી દેસાઈએ ઉમેર્યું હતું.

---

- (INFO.- PTC GANDHINAGAR- PRAVESH ADIACHA), NAVIN

# GUJ. BOARD

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 11-12 વિજ્ઞાન પ્રવાહના ગ્રુપ અંગેના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જે મુજબ હવે ધોરણ 11 વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થી કોઈ પણ ગ્રૂપ રાખી પાસ થાય તો તે ધોરણ 12માં ગ્રૂપ બદલી શકશે અને કોઈ પણ ગ્રૂપમાં પરીક્ષા આપી શકશે અને ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહમાં ગ્રૂપ-B સાથે નાપાસ થયેલા વિદ્યાર્થી રીપિટર તરીકે કોઈ પણ ગ્રૂપમાં પરીક્ષા આપી શકશે. ગ્રુપમાં ફેરફાર ઈચ્છતા વિદ્યાર્થીએ 6 જાન્યુઆરી 2025 સુધીમાં દરખાસ્ત કરવાની રહેશે.

આ સાથે જ ધોરણ 12 સમાન્ય પ્રવાહની બોર્ડની પરીક્ષાની અરજી લેટ ફી સાથે ઓનલાઈન ભરવાની અંતિમ તારીખ 24 ડિસેમ્બર હતી જેની મુદત બે દિવસ માટે લંબાવીને આવતીકાલ સુધીની કરવામાં આવી છે.

------------------------------------------------------------------

- મા. ખાતુ- રિધ્ધિ

, NAVIN

# KANKARIYA KARNIVAL

અમદાવાદના કાંકરિયા તળાવ ખાતે આજથી 15મા કાંકરિયા કાર્નિવલનો પ્રારંભ થશે. 31મી ડિસેમ્બર સુધી યોજાનારા કાંકરિયા કાર્નિવલ દરમિયાન વિવિધ રંગારંગ, સાંસ્કૃતિક અને મનોરંજન કાર્યક્રમો અંતર્ગત જાણીતા કલાકારો વિવિધ પ્રસ્તુતિ રજૂ કરશે. કાર્નિવલમાં મુલાકાતીઓ કાંકરિયા લેક ફ્રન્ટ પરિસરમાં વિનામૂલ્યે પ્રવેશ કરી શકશે. અમદાવાદ મહાનગરપાલિકાની કચેરી ખાતે ગઈકાલે યોજાયેલી પત્રકાર પરિષદમાં શહેરનાં મેયર પ્રતિભા જૈને આ માહિતી આપી હતી.

## (બાઈટઃ પ્રતિભા જૈન, મેયર, અમદાવાદ શહેર)

-------------------------------------------------------------------

- **(PTC AHMEDABAD- PRAVESH ADIACHA)**

, NAVIN

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

## ગોન્ગ મ્યુઝિક

........................................

# KUTCH SAHITYA ACADAMY

કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા ભુજના સ્મૃતિવન ખાતે આજથી બે દિવસીય કચ્છ સાહિત્ય ઉત્સવ યોજાશે. કચ્છી ભાષા અને તેમાં રચાયેલું સાહિત્ય નવી પેઢી સુધી પહોંચે તેવા આશયથી યોજાનાર આ કાર્યક્રમમાં 55 જેટલા કચ્છી સાહિત્યકારો, કલાકારો ભાગ લેશે. યુવાનો, વડિલો, બાળકો અને મહિલાઓ એમ તમામ વર્ગના કચ્છી માડુઓને ધ્યાનમાં રાખી કુલ 14 સત્રોનું આયોજન કરવામાં આવ્યું છે. આજે પ્રથમ દિવસે કચ્છી ભાષાના સાહિત્યકારોને શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિકથી નવાજવામાં આવશે. કચ્છી સાહિત્ય અકાદમીના ડો. જયેન્દ્રસિંહ જાદવે ભુજમાં પત્રકાર પરિષદ યોજીને આ અંગે માહિતી આપી હતી.

## બાઈટ... ડો. જયેન્દ્રસિંહ જાદવ, કચ્છી સાહિત્ય અકાદમી

આ ઉત્સવમાં કચ્છી લોકસાહિત્યની સાથે સાથે કચ્છી ભાષા માટે કરવા જેવા કાર્યો, કચ્છી કવિતા, કચ્છી વાર્તા, કચ્છી લોકસંગીત, કચ્છી પત્રકારત્વ જેવા વિષયો પર ચર્ચા યોજાશે.

----------------------------------------------------------------------

- અશરફ નથવાણી, આકાશવાણી સમાચાર ભુજ, NAVIN

# DWARKA SUDARSHAN BRIDGE

દેવભૂમિદ્વારકા જિલ્લાના સુદર્શન સેતુ બ્રિજ પર પ્રવાસીઓની ભીડને જોતા ખાનગી બસ અને ભારે વાહનોને જવા પર પ્રતિબંધ મુકાયો છે. આ અંગે જિલ્લા કલેક્ટર જી. ટી. પંડ્યાએ માહિતી આપી હતી.

(બાઈટઃ જી. ટી. પંડ્યા, જિલ્લા કલેક્ટર, દેવભૂમિ દ્વારકા)

-----------------------------------------------------------------------

- **(NDMS- PRAVESH ADIACHA)**, NAVIN

# MARY CRISTMUS

આજે નાતાલનું પર્વ છે. રાજ્ય સહિત દેશ અને દુનિયામાં આજના દિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી થઇ રહી છે. ખ્રિસ્તી સમાજ દ્વારા આ પર્વની ઉત્સાહ અને ઉમંગ પૂર્વક ઉજવણી થઇ રહી છે. સવારથી જ ચર્ચમાં વિશેષ પ્રાર્થના કરવામાં આવી રહી છે. ઇસુ ખ્રિસ્તના સ્નેહ, કરૂણા અને ભાઇચારાના સંદેશને પ્રસરાવવા સાથે આજના આ પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે.

---------------------------------------------------------------------

- અખબારી યાદી – હર્ષલ પંડ્યા , NAVIN

# WOMEN'S CRICKET - RESULT

મહિલા ક્રિકેટમાં, ભારતે બીજી એક દિવસીય મેચમાં વેસ્ટ ઈન્ડિઝને 115 રને હરાવીને 2-0 થી શ્રેણીવિજય મેળવ્યો છે.

વડોદરાના કોટંબી સ્ટેડિયમ ખાતે ગઇકાલે રમાયેલી મેચમાં પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લેતા ભારતે નિર્ધારિત 50 ઓવરમાં 5 વિકેટે 358 રન બનાવ્યા હતા. હરલીન દેઓલે 115 રન કર્યા હતા તો સ્મૃતિ મંધાના, પાર્ટીકા રાવલ અને જેમિમાહ રોડ્રિગ્સે અડધી સદી ફટકારી હતી.

ભારતના 359 રનના વિશાળ લક્ષ્યાંકના જવાબમાં વેસ્ટ ઈન્ડિઝ 46 ઓવર અને બે બોલમાં 243 રનમાં ઓલઆઉટ થઈ ગયુ હતું.. ભારત તરફથી પ્રિયા મિશ્રાએ ત્રણ અને દીપ્તિ શર્મા, પ્રતિકા રાવલ અને ટિટસ સાધુએ બે-બે વિકેટ લીધી હતી. વેસ્ટ ઈન્ડિઝના કેપ્ટન હેલી મેથ્યુઝે 109 બોલમાં 106 રનની સદી ફટકારી હતી. શ્રેણીની ત્રીજી વનડે 27 ડિસેમ્બરે રમાશે.

---------------------------------------------------------------------

- POOL, NIKITA, NAVIN

# CM CALENDER

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વર્ષ 2025ના કેલેન્ડરનું ગાંધીનગર ખાતે વિમોચન કર્યું હતું. આ કેલેન્ડર “સફળ અને સક્ષમ નેતૃત્વના 23 વર્ષ” થીમ પર તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં રાજ્યના વિવિધ 23 આઇકોનિક સ્થળોની નયનરમ્ય તસવીરો અને અગત્યની ટૂંકી વિગતો રજૂ કરવામાં આવ્યા છે.

ગુજરાતની સાંસ્કૃતિક વિરાસતથી લઈને ગિફ્ટ સિટી અને દેશના પ્રથમ બુલેટ ટ્રેનના સૂચિત હબ એવા સાબરમતી સ્ટેશન જેવી આધુનિક માળખાકીય સુવિધા તેમજ દાંડી સત્યાગ્રહ અને પાલ દઢવાવ સ્મારકને પણ કેલેન્ડરમાં પ્રસ્તુત કરવામાં આવ્યા છે.

---

- પીટીસી- ગાંધીનગર –હર્ષલ પંડ્યા , NAVIN

# Patan - Senior Citizen Programme

પાટણ જિલ્લાની સિદ્ધપુર સરસ્વતી નદી પર રિવરફ્રન્ટ બનાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. સિદ્ધપુર તાલુકામાં એક કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતે આ મુજબ જણાવ્યું હતું. તેમણે રિવરફ્રન્ટ બનવાથી વિશ્વના લોકો શાંતિની શોધ માટે સિદ્ધપુર આવશે, તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

--------------

PTC-PATAN-RAMEHS SOLANKI, YASHVI MEHTA, SONAL